# “કિસાન સૂર્યોદય યોજના" ખેડૂતો ને "દિવસે વીજળી" અને રાત્રે નીરાતની નીંદર આપશે :- શ્રી નીતિનભાઈ પટેલ

















કમલમ દૈનિક,

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે અમદાવાદના દેત્રોજ સ્થિત "કિસાન સમ્માન દિવસ" કાર્યક્રમમા કહ્યુ હતું કે, રાજયભરમાં કિસાન સુર્યોદય યોજનાના અસરકારક અમલીકરણ થી ખેડૂતને "નિરાંતની નીંદર" મળશે.સૌરાષ્ટ્રના અનેક ગામોમાં આ યોજનાના અસરકારક અમલીકરણ બાદ આજે દેત્રોજ તાલુકાના ૩૦ જેટલા ગામોના ખેડૂતોને આ યોજના થકી ખેતી અને સિંચાઈ માટે દિવસે પણ વીજળી ઉપલબ્ધ થનાર છે જે એક ઐતિહાસિક ક્ષણ છે. આ યોજના દેત્રોજ તાલુકાને જ નહીં રાજયના તમામ ખેડૂતો,જગત ના તાતની સુખાકારીમાં વધારો કરશે તેવો ભાવ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વ્યક્ત કર્યો હતો. ગુજરાતના ખેડૂતોનો દાયકાઓથીજે પ્રશ્ન સતાવતો હતો તેની ચિંતા ગુજરાતની સંવેદનશીલ સરકારે કરી છે તેમ જણાવી નાયબ મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ખેડૂતોની સુખાકારી માટે જનહિત લક્ષી નિર્ણય કરી તેમને દિવસે પણ વિજળી પ્રાપ્ત થાય તે માટેની "કિસાન સૂર્યોદય યોજના" કાર્યરત કરીને રાજ્ય સરકારે ખેડૂતોના હિત માટે પોતાની કટિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અગાઉની સરકારના સમયમાં ખેડૂતોને રાત્રી દરમિયાન ઉજાગરા કરીને ખેતી કરવા જવું પડતું હતું.જે જોખમ ભરેલું હતું. જેની ચિંતા રાજ્ય સરકારે કરીને રાજ્યમાં "કિસાન સૂર્યોદય યોજના" અમલી બનાવી છે. તેમણે ઉમેર્યુ કે,આઠ થી નવ હજાર કરોડના ખર્ચ મંજુર કરીને જી.ઈ.બી.ના સહયોગથી ખેડૂતોને દિવસ દરમિયાન પણ ખેતી માટે વીજળી મળી રહે તેવું તબક્કાવાર આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યું છે. જેના ભાગરૂપે અમદાવાદમાં પણ તબક્કાવાર કિસાન સૂર્યોદય યોજનાની અમલવારી શરૂ થવા જઈ રહી છે. રાત્રી ઉપરાંત દિવસ દરમિયાન પણ ખેતી માટે હાઈવોલ્ટેજ સહિત વીજળી ઉપલબ્ધ થાય તે માટે ફીડર બદલવાની આવશ્યકતા રહે છે જેના ઉપલક્ષ્યે આ યોજનાની અમલવારી રાજ્યમાં તબક્કાવાર થઈ રહી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, "કિસાન સૂર્યોદય યોજના"ના અમલીકરણ થી રાજ્યમાં ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી ઉપલબ્ધ કરાવતું સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું છે. જે ગુજરાત સરકારની સંવેદનશીલતાની પ્રતિતિ કરાવે છે. ખેડૂતોને વીજળી જ નહીં વિવિધ કૃષિ લક્ષી સહાય આપીને રાજ્ય સરકાર જગતના તાત ના પ્રશ્નોના હર હંમેશ નિરાકરણ લાવ્યા છે. આજે ગુજરાતના ખેડૂતોનો સન્માન દિવસ છે ત્યારે તે જણાવવું જરૂરી છે કે , રાજ્યની સંવેદનશીલ સરકારે ગુજરાતના ખેડૂતોના હિતને હંમેશાથી પ્રાથમિકતા આપી છે. રાજ્ય સરકારે ખેડૂતો ગ્રામજનોની ચિંતા કરીને નર્મદા યોજના દ્વારા કચ્છ સુધી તેમજ ૩૫૦ કિ.મીની કેનાલ દ્વારા સુજલામ સુફલામ યોજના થકી ઉત્તર ગુજરાતના ગામે-ગામ પાણી પહોંચતું કર્યું છે.જેનાથી આજે ગુજરાત ૧૮ લાખ હેકટર જમીનમાં સિંચાઈ થઈ રહી છે જે રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજના કાર્યાન્વિત કરીને ગામેગામ પહોંચાડેલ પાણી ની સુવિધાને આભારી છે. રાજ્યના ખેડૂતનો પાક નિષ્ફળ જતા તેના વળતર રૂપ સરકાર દ્વારા સબસિડી આપવામાં આવે છે રાજ્યના ખેડૂતોના ઉત્પાદનને સંગ્રહ કરવા માટે ગોડાઉન બનાવવા સબસીડી અપાય છે. ખેત ઉત્પાદનોને ટેકાના ભાવ નક્કી કરીને ખેડૂતોને આર્થિક સ્તર પર લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. ખેડૂત જગતનો તાત છે અગાઉની સરકારના સમયમાં ખેડૂતોએ ઘણા સંઘર્ષ કર્યા છે પોતાના હક માટે ઘણા આંદોલન કર્યા છે જેમાં ઘણા ખેડૂતો શહિદ પણ થયા છે તેમ જણાવી નાયબ મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે,છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોના હિતલક્ષી અનેકવિધ નિર્ણય કરીને પગલાં ભરીને ખેડૂતનો સંઘર્ષ અટકાવ્યો છે.અગાઉની સરકારમાં પાયમાલ બનતા ખેડૂત આજે આર્થિક રીતે સક્ષ્મ અને સુખી સંપન્ન જ નહીં પરંતુ આત્મનિર્ભર પણ બન્યા છે. તેમણે ઉમેર્યુ કે, તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી વિચાર ના પરિણામ સ્વરૂપ તેમના કાર્યકાળમાં જ્યોર્તિગ્રામ યોજના દ્વારા રાજ્યના ગામે ગામ વીજળી પહોંચાડવાનું કાર્ય સફળતાપૂર્વક હાથ ધરાયું હતું જેના પરિણામ સ્વરૂપ આજે ગામમાં ૬૦ થી ૭૦ હોર્સ પાવર વીજકનેકશન ઉપલબ્ધ થયા છે જેનાથી ગામનો ખેડૂત સુખી અને સંપન્ન બન્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતોની વર્ષ ૨૦૨૨ સુધીમાં આવક બમણી કરવાનો નિર્ધાર કર્યો છે જે સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને સમયસર પાણી વીજળી ખેતી માટે ઉપયોગી બિયારણ અને અદ્યતન સાધનો સહિત ની સહાય પૂરી પાડીને રાજ્ય સરકાર તેમાં મદદરૂપ બની રહી છે. એટલું જ નહીં રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના ઉત્પાદનો અને બજારમાં કિંમત મળે સારા ભાવ મળે ટેકાના ભાવ મળે તે પ્રમાણેનૂ આયોજન પણ કરવામાં આવ્યું છે. જય જવાન જય કિસાન અને પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી અટલબિહારી બાજપાઈજી એ આપેલા જય વિજ્ઞાનના સૂત્રને ખરા અર્થમાં ગુજરાત સરકાર દ્વારા ચરિતાર્થ કરવામાં આવી રહ્યું છે.આ પ્રસંગે મંત્રીશ્રીએ કડી વિધાનસભાથી ધારાસભ્ય તરીકેનાકાર્યકાળ સમયથી દેત્રોજ તાલુકાના તબક્કાવાર વિકાસના સાક્ષી રહ્યા હોવાનું જણાવ્યુ હતું. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે આરંભેલી ગ્રામ્ય વિકાસની મુહિમને આજે શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ સરકાર આગળ ધપાવી રહી છે એમ તેમણે કહ્યું હતું. દેત્રોજ તાલુકાએ ખૂબ જ ટૂંકા સમયગાળા માં વિકાસશીલ તાલુકા થી વિકસિત તાલુકા તરીકેની હરણફાળ ભરી છે તેમ જણાવી આજે દેત્રોજ તાલુકાના ગામોમાં રસ્તા ,વીજળી, પાણી જેવી પ્રાથમિક જરૂરિયાતો સાથે અત્યાધુનિક સુવિધાઓ પણ સક્ષ્મ થઈ છે તેમ તેમણે ઉમેર્યુ હતું. "કિસાન સન્માન દિન"ના પવિત્ર અવસરે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે દેત્રોજ તાલુકાના સ્વ.કાંતિભાઈ રાવ, ભાઈલાલ કાકા અને જગદીશ ભાઈ જેવા સામાજિક અગ્રણીઓના યોગદાનને પણ યાદ કર્યા હતા. "કિસાન સમ્માન દિવસ" કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી એ દેત્રોજ તાલુકાના ખેડૂતોને કૃષિલક્ષી સાધન સહાય,ટૂલ કીટ સહાય જેવી વિવિધ સહાય થી લાભાન્વિત કર્યા હતા. નાયબ મુખ્યમંત્રી શ્રી એ કિસાન પરિવહન હેઠળ ખેડૂતને મળેલ પરિવહન સહાયનું પણ ફલેગ ઓફ કર્યુ હતું.કાર્યક્રમ બાદ નાયબ મુખ્યમંત્રી શ્રીએ દેત્રોજમાં રબારી સમાજના પ્રસિધ્ધ મંદિરની મુલાકાત પણ લીધી હતી. દેત્રોજ તાલુકાના કિસાન સન્માન દિવસ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હર્ષદગીરી ગોસાઈ, જિલ્લા પંચાયત ચેરમેન શ્રી વિનોદભાઈ, જિલ્લા કલેકટર શ્રીસંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલધામેલીયા,યુ.જી.વી.સી.એલ. ના મુખ્ય ઈજનેર શ્રી પી.વી. પંડ્યા, પૂર્વ ધારાસભ્ય સર્વશ્રી વજુભાઈ ડોડિયા અને શ્રી તેજસ્વી બેન પટેલ, દેત્રોજ તાલુકા પ્રમુખશ્રી, મામલતદાર શ્રી સહિત જિલ્લાના અગ્રણીઓ અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

- સંવેદનશીલ ગુજરાત સરકારે "જગતના તાત" પ્રત્યે હંમેશા સંવેદનશીલતા દર્શાવી છે: ખેડૂત હિતલક્ષી અનેકવિધ સહાય હાથ ધરી છે
- અગાઉની સરકાર માં પાયમાલ બનતો ખેડૂત અત્યારની સરકારમાં સુખી સંપન્ન થયો છે
- વિવિધ સરકારી સહાયથી ગુજરાતના ખેડૂતનો સર્વાંગી વિકાસ થયો છે
- દેત્રોજ તાલુકા એ ખૂબ જ ટૂંકા ગાળામાં વિકાસની હરણફાળ ભરી છે

# રાજપીપળાના નાંદોદ ગામે લાભાર્થી ખેડૂતોને સહાય વિતરણનો કાર્યક્રમ બલવંતસિંહ રાજપૂત ના અધ્યક્ષ સ્થાને યોજાયો







કમલમ દૈનિક,

ગુજરાતની રૂપાણી સરકારના ૫ (પાંચ) વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યમાં વિવિધ કાર્યક્રમ ઉજવણી અંતર્ગત કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ તથા ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ દ્વારા આયોજિત “ કિસાન સન્માન દિવસ” નિમિતે “સાત પગલા ખેડુત કલ્યાણના” યોજનાઓ અંતર્ગત સહાય વિતરણ અને “કિસાન સુયોર્દય યોજના” નું લોકાર્પણ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ચેરમેન બલવંતસિંહ રાજપૂત ની અધ્યક્ષતામાં રાજપીપળા, તા.નાંદોદ ખાતે કરવામાં આવ્યું. તેમના વરદહસ્તે લાભાર્થીઓને યોજનાઓના સર્ટીફીકેટ એનાયત અને ખેતીલક્ષી ઉપયોગી સામગ્રી આપવામાં આવી હતી.

આ અવસરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલના વિકાસના કાર્યોની અને સરકારની ખેડૂતો માટેની યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ચેરમેન ભરૂચ દૂધધારા ડેરી-ધારીખેડા સુગર અને જીલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, કલેક્ટર ડી.એ.શાહ, જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ પ્રકાશભાઈ વ્યાસ, તાલુકા પંચાયત પ્રમુખ હરેશભાઈ વસાવા, તાલુકા ભાજપ પ્રમુખ અરવિંદભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ રમણસિંહ રાઠોડ, જીલ્લા આરોગ્યસમિતિ સદસ્ય શ્રીમતી નીલમ્બરીબેન પરમાર, કિસાન મોરચા પ્રમુખ નિકુંજભાઈ પટેલ, કિસાન મોરચા મહામંત્રી આશિષભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્ય હિતેશભાઈ વસાવા, ન્યાય સમિતિ અધ્યક્ષ મુકેશભાઈ રોહિત, તાલુકા કિસાન મોરચા પ્રમુખ દિલીપસિંહ ગોહીલ તેમજ લાભાર્થીઓ ભાઈઓ અને બહેનોની વિશેષ ઉપસ્થિતી રહી હતી.

# ભારતીય વાયુ સેનાએ અમદાવાદ સાબરમતી રીવરફ્રન્ટ ખાતે “આઝાદી નો અમૃત મહોત્સવ”હેઠળ બેન્ડ કોન્સર્ટ નું આયોજન કર્યું









કમલમ દૈનિક,

ભારતીય વાયુ સેના દ્વારા અમદાવાદના સાબરમતી નદીના તટ પર આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે બેન્ડ કોન્સર્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ. પ્રગતિશીલ ભારતની સ્વતંત્રતાના ૭૫ વર્ષ અને તેના લોકોના કિર્તીપૂર્ણ ઈતિહાસ, સંસ્કૃતિ અને સિધ્ધિઓની ઉજવમી કરવા અને યાદગાર બનાવવા માટે આ કોન્સર્ટનું આયોજન કરવામાં આવ્યું હતુ. કોવિડ મહામારીમાં કોરોના સામે બાથ ભીડીને કોરોનાને મ્હાત આપવામાં અને દેશ અને રાજ્યના નાગરિકોને કોરોના સામે સુરક્ષીત કરવામાં અહમ ભૂમિકા ભજવનારા કોરોના વોરીયર્સનું સન્માન પણ આજના આઝાદી કા અમૃત મહોત્સવની બેન્ડ કોન્સર્ટમાં કરવામાં આવ્યું હતુ. આ બેન્ડ કોન્સર્ટમાં એર ફોર્સ બેન્ડના મ્યુઝિશીયનોની ટીમ દ્વારા વિવિધ કર્ણપ્રીય શોર્ય અને દેશભક્તિના ગીતો તેમજ ઈન્સ્ટ્રૂમેન્ટલ સંગીતથી ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. સંગીત સંધ્યામાં શૂર-સંગીતની વિવિધ ધ્વનિએ સમગ્ર કાર્યક્રમને આકર્ષિત બનાવીને સંધ્યાને સંગીતમય બનાવી હતી. આજે પ્રસ્તુત કરવામાં આવેલ વિવિધ સંગીત ધ્વની અને દેશભક્તિ ભર્યા સંગીતે લોકોમાં દેશ દાઝની ભાવના જીવંત કરી હતી.

# "નારી એ સમાજનું મહત્ત્વનું કેન્દ્ર બિંદુ છે જેનાથી આખી સમાજ વ્યવસ્થા સંકળાયેલી છે" – પુર્વ મંત્રીશ્રી આઈ.કે.જાડેજા













કમલમ દૈનિક,

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના અનંતરાય કાલે હોલ ખાતે "નારી ગૌરવ દિવસ" નિમિત્તે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ કાર્યક્મનું આયોજન કરવામાં આવ્યું હતુ. પ્રાસંગિક ઉદબોધન કરતા પુર્વ મંત્રી શ્રી આઇ કે. જાડેજાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના સુશાસને પાંચ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે સમગ્ર ગુજરાતમાં નવ દિવસ દરમ્યાન વિવિધ કાર્યક્રમો થઈ રહ્યા છે. સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર હંમેશાથી નારીઓના ઉત્થાન માટેના કાર્યો કરતી આવી છે તેમણે જણાવતા મંત્રી શ્રી એ ઉમેર્યુ કે, નારી કોઈ દિવસ અશક્ત હતી જ નહીં, પરંતુ સમાજ વ્યવસ્થાના પાયામાં રહેલી કોઈ કચાસને કારણે આપણે મહિલાઓને અશક્તની દ્રષ્ટિએ જોતા આવ્યા છીએ, માટે જ ગુજરાત સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ માટે વિવિધ પ્રકારની યોજનાઓ બનાવવામાં આવી છે. સખીમંડળ, સખી વન સ્ટોપ સેન્ટર, વ્હાલી દીકરી યોજના, મિશન મંગલમ, ગંગાસ્વરૂપ વિધવા બહેનો આર્થિક સહાય યોજના-આવી ઘણી બધી યોજનાઓ દ્વારા મહિલાઓ સ્વમાનભેર સ્વાવલંબી બને અને ગુજરાતની પ્રત્યેક મહિલા સુખી અને સમૃદ્ધ બને તે માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે,સમાજના વિકાસનું મહત્વનું અંગ નારી છે, માતૃશક્તિ છે, સમાજનો સાચા અર્થમાં સર્વાંગી વિકાસ ત્યારે જ થઈ શકશે જ્યારે મહિલાઓને પૂરતી સ્વાવલંબતા મળશે, કહેવાય છે કે એક શિક્ષિત દીકરી ૧૦૦ શિક્ષકોની ગરજ સારે છે માટે તેમને ભણાવો સક્ષમ બનાવો અને સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપે તેવી દીકરીઓને તૈયાર કરો.. તેમણે ઉમેર્યુ હતું કે,આજે દેશનું એવું કોઈ ક્ષેત્ર નથી જ્યાં મહિલાઓએ પોતાનું સ્થાન મજબૂત ન કર્યું હોય...મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકાર હંમેશાથી નારીના ઉત્થાન માટેના કાર્યો કરતી આવી છે અને કરતી રહેશે. ધારાસભ્ય શ્રી કિશોરભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર હંમેશાથી મહિલાઓના વિકાસ માટે કાર્યશીલ રહી છે, તેથી જ મહિલાઓને લગતી વિવિધ યોજનાઓ થકી મહિલાઓના હિત અને કલ્યાણ માટે હંમેશા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સંવેદનશીલ સરકાર કાર્યરત રહે છે. આ પ્રસંગે “મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાઓના” લાભાર્થીઓને એક લાખ રકમના સહાયના ચેક અર્પણ કરાયા હતા. આ કાર્યક્રમમાં, અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલીયા, ધોળકા નગરપાલિકા પ્રમુખશ્રી કટારાભાઈ, અને વિવિધ પદાધિકારીઓ સહિત લાભાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028